ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ
બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર – ૨૩૨૫૦૨૯૪ – ૪૪૯૨૭ – ૫૦૩૪૪
ફેક્સ: (૦૭૯)-૨૩૨૫૦૨૮૦ – ૪૪૯૨૬
E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

ક્રમાંક:- મફબ/અકડ/યુ-૯/મનપા ઓક્ટ્રોય/ફેબ્રુઆરી-૨૦૧૫/ ૫૨૪૫ તા.

05 MAR 2015

વંચાણે લીધા :-

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪-૧૧-૦૭ના ઠરાવ ક્રમાંક-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા. ૬-૮-૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક-નપલ/૪૫૦૭/૨૫૩૭/મ

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૨૬-૨-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક બજટ/ ૮૦૨૦૧૫/૧૭૪૧/પી

દફતરી હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ – ૧ના તા.૧૪-૧૧-૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના તા. ૧૬/3/૨૦૧૦ના જાહેરનામાથી થતા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો પણ આ હેતુસર સમાવેશ કરવામાં આવેલ છે. આ હેતુ માટે વર્ષ ૨૦૧૪-૧૫માં કુલ ૧૮૩૬.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. શહેરી વિકાસ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૨ના તા.૬/૮/૨૦૧૪ના ઠરાવ દ્વારા મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન (ગ્રાંટ) ફાળવવા અંગે વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ.૨૮૮.૭૧ કરોડનો વધારો કરવા ઠરાવેલ છે. આમ મહાનગરપાલિકાઓ માટે આ યોજના હેઠળ સને ૨૦૧૪-૧૫ના વર્ષ માટે રૂ.૨૧૨૪.૭૧ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૩ના તા.૨૬-૨-૨૦૧૫ના ઠરાવથી રાજયની ૮ મહાનગરપાલિકાઓને ફેબ્રુઆરી-૨૦૧૫ માસ માટે કુલ રૂ. ૧૭૭,૦૨,૦૦,૦૦૦/- ની ગ્રાંટ નિયત ટકાવારી મુજબની નીચે

દર્શાવેલ રકમ ચુકવવા મુજબ નિર્દિષ્ટ શરતોએ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે. સદરહુ રૂા. ૧૭૭,૦૨,૦૦,૦૦૦/-ની રકમ ફેબ્રુઆરી-૨૦૧૫ માસ માટે નીચે દર્શાવ્યા મુજબ ચુકવવાની થાય છે.

| ક્રમ | મહાનગરપાલીકાનું નામ | મળવાપાત્ર રકમ રૂા. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૯,૨૧,૦૦,૦૦૦ |
| ૨ | સુરત | ૫૪,૭૩,૦૦,૦૦૦ |
| ૩ | વડોદરા | ૨૪,૩૬,૦૦,૦૦૦ |
| ૪ | રાજકોટ | ૧૦,૧૬,૦૦,૦૦૦ |
| ૫ | જામનગર | ૦૨,૭૭,૦૦,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૦૨,૯૦,૦૦,૦૦૦ |
| ૭ | જૂનાગઢ | ૦૧,૭૩,૦૦,૦૦૦ |
| ૮ | ગાંધીનગર | ૦૧,૧૬,૦૦,૦૦૦ |
| | કુલઃ | ૧,૭૭,૦૨,૦૦,૦૦૦ |

ઉપર પ્રમાણે ૮ મહાનગરપાલિકાઓને ફેબ્રુઆરી-૨૦૧૫ માસની ઓકટ્રોય વળતર પેટે ચુકવવાની કુલ રકમ રૂા. ૧૭૭,૦૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકસો સીત્યોત્તેર કરોડ બે લાખ પુરા) પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા મંજુરી આપવામાં આવે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૩ના તા.૨૬-૨-૨૦૧૫ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓએ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઇ હેતુ માટે ખર્ચ કરી શકશે નહિ. દરેક મહાનગરપાલિકાઓએ તેમને ફાળવેલ ગ્રાંટનો ક્યારે અને કેવી રીતે ઉપયોગ કર્યો તેની માહિતી અત્રેના બોર્ડને તાત્કાલિક મોકલી આપવાની રહેશે. જે મળ્યા બાદ જ આ પછીના મહિનાની ગ્રાંટ છુટી કરવામાં આવશે.

મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મુકેલ ગ્રાંટની રકમ રૂા. ૧૭૭,૦૨,૦૦,૦૦૦/- માંથી ઉધારવાનો રહેશે.

રવાના કર્યું

સહી/-

**નાયબ નિયામક (આંકડા)**
**ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ**

**મુખ્ય કારોબારી અધિકારી**
**ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ**

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર
મહાનગરપાલિકાઓ.

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) માન. અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ માન. અધ્યક્ષશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.

(૨) નાયબ સચિવશ્રી (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(3) નાયબ સચિવશ્રી (બજેટ) (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ.

(૫) સેકશન અધિકારીશ્રી, (પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી, (બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) કલેકટરશ્રી,અમદાવાદ,સુરત,વડોદરા,રાજકોટ,જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર

(૮) એ.જી. અમદાવાદ / રાજકોટ

(૯) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર જીલ્લા.

(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર .

(૧૨) નાયબ નિયામકશ્રી (હિસાબ), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવેલ કુલ <u>રૂા. ૧૭૭,૦૨,૦૦,૦૦૦/-</u> (અંકે રૂપિયા એકસો સીત્યોત્તેર કરોડ બે લાખ પુરા) ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનરગપાલિકાઓને કરવાની સારૂ.

(૧૨) સીલેકટ ફાઇલ.